

ગાંધીનગરના પાલજ ખાતેના જય બહુચરાજી માતાજી સેવા મંડળ દ્વારા પાલજથી બહુચરાજી મંદિર શંખલપુર ખાતે ધજા ચઢાવવા માટે પગપાળા સંઘનું પ્રયાણ કરવામાં આવ્યું છે. પગપાળા સંઘનું ગાંધીનગર શહેરના સેકટર-૧૪ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને આ પ્રસંગે શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ હાજર રહી દર્શનનો લાભ લીધો હતો અને સંઘના પદયાત્રીઓનું સ્વાગત સન્માન કર્યું હતું.

# રાજયમાં ધોરણ-૧૨ પાસ વિદ્યાર્થી એક કોર્સથી મહિને ૫૦ હજાર રૂપિયા કમાઈ શકશે

## ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ૪૦ કલાકમાં ડ્રોન ઉડાવતા શિખવશે, જે યુવાનોને સ્વરોજગાર તેમજ નોકરીમાં કામ આવશે

ગાંધીનગર

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) એ એક એવો કોર્સ શરૂ કરવા જઈ રહી છે કે જેનાથી ધોરણ-૧૨ પાસ વિદ્યાર્થી મહિને ૫૦ હજાર રૂપિયા કમાઈ શકે છે. તે પોતાનો વ્યવસાય પણ શરૂ કરી શકે છે અને નોકરી પણ કરી શકે છે. આ કોર્સ માત્ર ૪૦ કલાકમાં પૂર્ણ થશે.

યુનિવર્સિટીએ ડ્રોન કેવી રીતે ઉડાવવું અને તેની વિડીયોગ્રાફી કેવી રીતે કરવી તેનો કોર્સ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ કોર્સના માધ્યમથી કોઈપણ યુવાન લગ્ન સમારોહ થી લઈને રાજકીય પક્ષોની રેલીઓમાં ડ્રોનની મદદથી વિડીયોગ્રાફી કરી કમાઈ શકે છે.

જીટીયુના કોર્સની સમયમર્યાદા ૪૦ કલાકની છે. આ કોર્સમાં વિદ્યાર્થીઓને ડ્રોન ટેકનોલોજીની સમજ આપવામાં આવશે અને તેનાથી વિડીયોગ્રાફી કેવી રીતે થાય છે તે સમજાવાશે. અત્યારે લગ્ન સમારોહ, પાર્ટી, રાજકીય રેલીઓ અને ધાર્મિક કાર્યક્રમોમાં ડ્રોનના ઉપયોગથી વિડીયોગ્રાફીનું ચલણ વધ્યું છે ત્યારે યુનિવર્સિટીએ આ નવો કોર્સ શરૂ કર્યો છે.

આ કોર્સમાં શરૂઆતમાં ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા પ્લેસમેન્ટ પણ અપાશે એટલે કે યુનિવર્સિટી નોકરી કે વ્યવસાય શોધી આપશે. કોર્સ કર્યા પછી વિદ્યાર્થી શરૂઆતમાં નોકરીમાં ૩૫ હજાર થી ૫૦ હજાર રૂપિયા મહિને કમાઈ શકે છે. તાલીમ મેળવનાર વિદ્યાર્થી ઈચ્છે તો અલગથી કામ પણ શરૂ કરી શકે છે.

યુનિવર્સિટી ૨૦૨૨ના પ્રથમ સપ્તાહથી જ આ કોર્સ લોંચ કરી રહી છે જેનું નામ બેઝિક ડ્રોન ફ્લાઈંગ સર્ટિફિકેટ કોર્સ રાખવામાં આવ્યું છે. યુનિવર્સિટી ડીગ્રી તો આપશે પણ તેની સાથે સાથે પ્લેસમેન્ટ પણ કરી આપશે. આ કોર્સ જીટીયુના સીઈસી દ્વારા પોતાની સ્ટાર્ટઅપ ડ્રોન લેબ સાથે મળીને શરૂ કરી રહી છે. ડ્રોન દ્વારા વિડીયોગ્રાફી જ નહીં, સર્વે, મેપીંગ, સર્વેલન્સ અને ઈન્સ્પેક્શન માટેની ટ્રેનીંગ પણ આ કોર્સમાં આપવામાં આવશે.

# કૃષિ નિકાસ અને પ્રોડકટ માટે ગુજરાતનો કૃષિ વિભાગ બે નવી પોલિસીની જાહેરાત કરશે

## વિદેશમાં ક્યા પાક જઇ શકે છે અને ક્યા પાકમાં વેલ્યુએડિશન કરી શકાય તેમ છે તેની વિગતો સાથે ખેડૂતોને ઇન્સેન્ટીવ અપાશે

ગાંધીનગર

ગુજરાત સરકારના કૃષિ વિભાગે ખેડૂતોના ફાયદા માટે બે નવી પોલિસી જાહેર કરવાનું નક્કી કર્યું છે જે પૈકી એક પોલિસી ખેડૂતોના પાકને વિદેશમાં એક્સપોર્ટ કરવા મદદ કરશે જ્યારે બીજી પોલીસી ઉદ્યોગોની જેમ કૃષિ પેદાશોને વેલ્યુએડિશન કરી આપશે.

ઉદ્યોગ વિભાગના ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે ઉદ્યોગો માટે જેમ ઔદ્યોગિક વસાહતો હોય છે તેવી રીતે કૃષિ પાક માટે અલગ વસાહતોનું નિર્માણ કરાશે જેમાં ખેડૂતો તેમના પાકનું વેલ્યુએડિશન કરી શકે અને નવા નવા ઉત્પાદનો બજારમાં મૂકી શકે. આ પોલિસીને એગ્રો જીઆઈડીસી નામ આપવામાં આવ્યું છે.

બીજી પોલિસી એગ્રો એક્સપોર્ટ છે જે નક્કી કરશે કે ખેડૂતોને ક્યા પાકનું એક્સપોર્ટ કરવું છે અને તેમાં સરકાર મદદ કરશે. આ પોલિસીમાં સરકાર ખેડૂતોને વિદેશનું બજાર આપવા માગે છે. રાજ્યના ખેડૂતો વિદેશમાં તેમના ઉત્પાદનો વેચીને વધારે આવક મેળવી શકે તે માટે આ પોલિસી જાહેર કરવામાં આવશે. આ પોલિસીમાં ડિમાન્ડમાં રહેલી ખેત પેદાશો અને નિકાસ થઈ શકે તેવી પેદાશોનું લીસ્ટ બનાવી તેને કેવી રીતે ક્યાં નિકાસ કરી શકાય તેમ છે તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ બન્ને પોલિસીને સૈદ્ધાંતિક મંજૂરી આપવાની બાકી છે પરંતુ ટૂંકસમયમાં તેને મંજૂરી મળી જતાં જાહેર કરવામાં આવશે. આ પોલિસીના ઘડતર માટે કૃષિ વિભાગના ટોચના અધિકારીઓ તેમજ કૃષિ નિષ્ણાંતો અને કૃષિ વૈજ્ઞાનિકોની મદદ લેવામાં આવી છે. બન્ને પોલિસીમાં ખેડૂતો અને તેમના પાકો માટે ઈન્સેન્ટીવ પણ આપવામાં આવી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારે અગાઉ એગ્રી બિઝનેસ પોલિસી બનાવી છે અને તેનો લાભ ખેડૂતો લઈ રહ્યાં છે. આ પોલિસીમાં જે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો નથી તે આ બન્ને નવી પોલિસીમાં સમાવી લેવામાં આવશે. રાજ્યમાં ઉદ્યોગો માટે જીઆઈડીસી હોય છે તેવી કૃષિ પેદાશો અને તેના ઉત્પાદનો માટેની જીઆઈડીસી બનાવવામાં આવશે.



પ્રકૃતિ પ્રેમ પ્રદિપ સોલંકી દ્વારા યુનિક ડિઝાઈનની કપડાની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્લાસ્ટીકનો ઉપયોગ ઘટાડવા અને પર્યાવરણ બચાવવાના હેતુથી તેઓએ કપડાની થેલીનું વિતરણ કર્યું હતું. થેલી વિતરણ કાર્યક્રમ મુક્તિધામ ખાતે યોજાયો હતો. જેમાં ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, મેયર હિતેષ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંત પટેલ અને વસાહત મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## આર્યન પબ્લિક સ્કૂલની બહેનો ગુજરાત સ્ટેટ ટેકવોન્ડો ચેમ્પિયનશીપમાં વિજેતા

ગુજરાત સ્ટેટ ગર્લ્સ આઈ.ટી.એફ. ટેકવોન્ડો ચેમ્પિયનશીપ ઘાસીરામ ચૌધરી ભવન, શાહીબાગ અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં કલોલની આર્યન પબ્લિક સ્કૂલની બહેનોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં આર્યન પબ્લિક સ્કૂલની બહેનો વિજેતા બની છે. જેમાં શ્રેયા નાયકને ગોલ્ડમેડલ, હિર પટેલને સિલ્વર મેડલ, શ્રેયા પટેલ અને પારંગીતા મહંતાને બ્રોન્ઝ મેડલ મળ્યા છે. આ બહેનોને અજયભાઈ જાડેજા, કોચે ટ્રેઈન કર્યા હતા. આર્યન પબ્લિક્ સ્કૂલના પ્રિન્સિપાલ સંગીતાબેન ઘાંડે, કોર્ડિનેટર પુનિત શાહ, ડાયરેકટર નિલ પટેલ, મેનેજિંગ ડાયરેકટર ગીતાબેન પટેલ, ચેરમેન ડૉ. અતુલ પટેલ તરફથી અભિનંદન પાઠવ્યા હતા.



ગાંધીનગર મનપા દ્વારા આજે રાંધેજા ખાતે યોજાયેલ સેવાસેતુમાં ૨૧૦૦થી વધુ અરજદારોની અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવા સેતુ કાર્યક્રમમાં મેયર હિતેષ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ડૉ. ધવલ પટેલ સહિતના સૌ હાજર રહ્યા હતા અને સેવાસેતુ માટેના વિવિધ સ્ટોલ્સમાં ફરી અપાતી સેવાઓની જાણકારી મેળવી હતી.

## શેઠ સી.એમ. શાળામાં તુલસીનું મહત્વ વિશે કાર્યક્રમ યોજાયો

શેઠ સી.એમ. શાળામાં તુલસીનું મહત્વ વિશે કાર્યક્રમ યોજાયો હતો. યોગ વેદાંત સેવા સમિતિ અમદાવાદ તરફથી તુલસીનું મહત્વ વિષય પર એક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં તુલસીનું ધાર્મિક, ઔષધિય અને આધ્યાત્મિક મહત્વ સંદર્ભે જ્ઞાન પિરસાયું હતું. વૈજ્ઞાનિક અભિગમ જ્ઞાન ગુરવિંદરબેન થકી પીરસવામાં આવ્યું હતું. તુલસીનું મહત્વ વિશે યોગદાન મંજુબેન તેમજ કામીનીબહેને પણ આપ્યું હતું. યાદશકિત અને તંદુરસ્તી માટે શાળાના આચાર્યા ડૉ. ચેતના બુચ દ્વારા અસરકારક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના સુપરવાઈઝર મુકેશભાઈ પટેલ, મહેશભાઈ ખોરસ્મા, કનુભાઈ પટેલ તથા બિન્દુબેન ચૌહાણ, ભાવિનીબેન નરસંગાણી અને સ્ટાફ મિત્રો તેમજ વિદ્યાર્થીઓનો સુંદર સહયોગ સાંપડયો હતો.

# ગાંધીનગર ખાતે અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠનની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

આજે ગાંધીનગર ખાતે અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠનના હોદ્દેદારો અને



સાથી મિત્રોની બેઠક યોજાઈ હતી જેમાં ગ્રાહક સુરક્ષા અંગેના વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સંસ્થાના નેશનલ પ્રેસીડેન્ટ હરીશંકર શુક્લા, ગુજરાત રાજ્ય પ્રેસિડેન્ટ જેઠાભાઈ પટેલ, ગાંધીનગર પ્રેસિડેન્ટ રાજેશભાઈ પટેલ, ગાંધીનગર પ્રેસિડેન્ટ ગીતાબા ચૌહાણ, વાઈસ પ્રેસિડેન્ટ ઋષિકા બેન ચક્રવર્તી સહિત સંસ્થાના અન્ય સાથી મિત્રો હાજર રહ્યા હતા.

'સજાગ ગ્રાહક અને સુરક્ષિત ગ્રાહક' એ જ ધ્યેય સાથે અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠન સંસ્થા કામ કરી રહી છે તેવું જણાવતાં કાર્યક્રમમાં અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠનના ભારતીય પ્રેસિડેન્ટ હરીશંકર શુક્લાએ કહ્યું હતું કે આ સંસ્થા જાગો ગ્રાહક જાગો, શિકાયત તમારી - કાર્યવાહી અમારી, શુદ્ધ કે લીયે યુદ્ધ વગેરે અભિયાન પાછળ સંગઠને ખૂબ ખંતથી કામ કર્યું છે અને હવે આપણે હળીમળીને કામ કરવાનું છે. પુરુષ કે મહિલામાં આ સંગઠન વહેચાયેલું નથી. દરેકે સાથે મળીને એકબીજા વિચારોની આપ-લે કરીને ખૂબ કામ કરવું જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું કે "અત્યારે અનેક રીતે ગ્રાહકો છેતરાઈ રહ્યા છે અને કેટલાંક વેપારીઓ અને સર્વિસ પ્રોવાઈડરો પણ ગ્રાહકો સાથે છેતરપિંડી કરી રહ્યા છે ત્યારે ગ્રાહકોને પુરતી સુરક્ષા આપવા માટે અને ગ્રાહકોના પ્રશ્નોના સમાધાન કરવા માટે અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠન સંસ્થાની રચના થઈ છે. આ સંસ્થા ગ્રાહકોના પ્રશ્નોનું સમાધાન અને સુરક્ષા પ્રદાન કરવા માટે ખંતથી કામ કરી રહી છે. સાથે સાથે આ સંસ્થા ગ્રાહકોને જાગૃત કરવાનું પણ કામ કરી રહી છે. આ સંસ્થા ગ્રાહક સાથે થતી છેતરપિંડી રોકવા તેમજ ગ્રાહકને ચીજવસ્તુઓમાં તોપમાપમાં વજન ઓછું આપનારા વેપારીને સબક શીખવાડવા તેમજ હલકી ગુણવત્તાનો માલ વેચતા, તેમજ એક્સપાયરી ડેટનો માલ આપતા હોય તેવા વેપારીને સજા થાય અને ગ્રાહકોને સંતોષ થાય તેવા હેતુ પર સંસ્થા કામ કરી રહી છે." આ સાથે તેમણે ગ્રાહકોએ કઈ કઈ સાવધાની રાખવી જોઈએ તે અંગે સૂચનો કર્યા હતા જણાવ્યું હતું કે "અખિલ ભારતીય ગ્રાહક ઉપભોક્તા ઉત્થાન સંગઠન દ્વારા ગ્રાહકને સમજાવવામાં આવે છે કે તમે હવે એટલા અસહાય નથી જેટલા તમે સમજો છો. સારી સેવા અને સારા ઉત્પાદકો મેળવવો તમારો જન્મસિદ્ધ અધિકાર છે.

## રાજયકક્ષા શાળાકીય અંડર- ૧૯ ભાઈઓની વોલીબોલ સ્પર્ધા માણસા ખાતે યોજાશે

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા અંડર-૧૯ રાજયકક્ષાની શાળાકીય વોલીબોલ (ભાઈઓ) સ્પર્ધાનું તા. ૦૩ થી ૦૫ જાન્યુઆરી, ૨૨ દરમ્યાન બ્લિસ ઈન્ટરનેશનલ પબ્લિક સૂકલ, માણસા ખાતે આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં ભાગ લેવા માટે ગુજરાત રાજયના તમામ જિલ્લામાંથી વિજેતા થયેલ ટીમની એન્ટ્રી ૩૧મી ડિસેમ્બર, ૨૧ સુધીમાં મોકલી આપવાની રેહશે. વધુ માહિતી માટે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી-વિંગ, છઠ્ઠો માળ, સે-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવો.



### મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યામંદિર ચેતક કમાન્ડો ગ્રુપ મોકડ્રિલ યોજાઈ

ગાંધીનગર તાલુકાની મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં ચેતક કમાન્ડો ગ્રુપ ગાંધીનગર દ્વારા આતંકવાદીઓને પકડવા તેમજ ઠાર કરવાનું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું. જેમાં ડી.વાય.એસ.પી. ધારૈયા, પી.આઈ. ચૌધરી, તેમજ કુલ ૩૫ કમાન્ડોએ દિલધડક ઓપરેશન હાથ ધર્યું હતું. તેનું નિદર્શન વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી વિદ્યાર્થીઓમાં સાહસના ગુણો વિકસે તેનો સુંદર પ્રયાસ કર્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, સ્ટાફ, તેમજ ગ્રામજનોએ હાજરી રહી કમાન્ડો ગ્રુપનો ઉત્સાહ વધાર્યો હતો.

# પતિની દારૂની લત છોડાવી એક પરિણીતાનો સંસાર ઉજાળતી ટીમ ૧૮૧ અભયમ્

ગાંધીનગર, તા.૨૪

દારૂડિયો દારૂ નથી પીતો પરંતુ દારૂ જ દારૂડિયાને પી જાય છે તેવી સરકારી જાહેરાત દ્વારા વર્ષો અગાઉ નાગરિકોને દારૂના વ્યસનથી મુક્ત રહેવા સમજાવવામાં આવતા હતાં. દારૂની બદી સમાજમાં એટલી ઘર કરી ગઈ છે જેના કારણે અનેક પરિવારો ગરીબી અને બિમારી સહિતની અનેક પ્રકારની મુશ્કેલીઓ તરફ ધકેલાઈ રહ્યાં છે. જોકે તાજેતરમાં પોલીસની મહિલા હેલ્પલાઈન ૧૮૧ અભયમ્ દ્વારા એક દારૂડિયા પતિને દારૂ છોડાવવાનું કાર્ય કરીને તેના પરિવારને બરબાદી તરફ ધકેલાતાં બચાવી લેવાનું પ્રસંશનીય કાર્ય કર્યું છે.

ગાંધીનગરમાં ૧૭ વર્ષથી લગ્નગ્રંથીએ બંધાયેલા એક દંપતિમાં પતિને દારૂની બુરી લત લાગી હતી અને તેની પરિણીતા દ્વારા અનેક પ્રયાસો છતાં પતિ દારૂના સેવનથી દૂર રહેતો નહોતો. આખરે પરિણીતાએ વધુ એક પ્રયાસના ભાગરૂપે ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈનની મદદ માંગી હતી અને અભયમની ટીમે તેના પતિનું સતત કાઉન્સિલિંગ કરી દારૂની લત છોડાવી એટલું જ નહીં પરંતુ વારંવાર તેના ઘરની મુલાકાત કરીને સ્થિતિનો તાગ મેળવતા રહી પતિ ફરી દારૂની સંગતે ચઢી ના જાય તેની તકેદારી પણ રાખી રહી છે જેના કારણે પરિણીતાનો સંસાર ફરી ઉજળી ઉઠ્યો છે. સમગ્ર મામલામાં વિગતો જોઈએ તો લગ્નજીવનની શરૂઆતમાં દંપતીનો ઘર સંસાર રાબેતા મુજબ ચાલી રહ્યો હતો અને પતિ નિયમિત કામધંધે પણ જતો હતો. સમય જતાં પત્નીએ ત્રણ સંતાનોને પણ જન્મ આપ્યો હતો પરંતુ કેટલીક ખોટી સંગતના કારણે પતિ દારૂ પીવાના રવાડે ચડ્યો હતો. મિત્રો સાથે કોઈ દિવસ પાર્ટીના બહાને કે કામના બોજના લીધે પતિ દારૂ પીને ઘરે જતો હતો. એટલે પત્ની ઠપકો આપી પતિને ખોટા રસ્તે નહીં જવા સમજાવતી હતી, પરંતુ દિવસેને દિવસે પતિની દારૂની લત રોજની થઈ ગઈ હતી જેનાં કારણે ઘરકંકાસ થવા માંડ્યો હતો. દારૂના કારણે પતિનો કામ ધંધો પણ છૂટી ગયો, ઘરમાં જે બચત કે બેંક બેલેન્સ હતું તેમાંથી તેણે દારૂ પીવાનું શરૂ કરી દીધું હતું. એટલે સુધી દારૂની લત હાવી થઈ ગઈ હતી કે તે પત્ની કે બાળકોની કાળજી અને ભરણ પોષણ કરવાનું પણ ભાન ભૂલી ગયો હતો. આખરે હારી થાકીને બાળકોને લઈ કાયમ માટે પત્નીએ પિયર જતાં રહેવાનો નિર્ધાર કરી લીધો હતો. છેલ્લી વખત વધુ એક પ્રયાસના ભાગરૂપે પત્નીએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને ફોન કરીને મદદ માંગી હતી. આથી અભયમની ટીમ તેના ઘરે પહોંચી હતી. એ સમયે પણ પણ પતિ દારૂના નશામાં હતો તેમ છતાં તેનું કાઉન્સિલિંગ કર્યું હતું. પરંતુ દારૂના નશામાં બધી બધી સમજાવટ વ્યર્થ ગઈ હતી. એટલે બીજા દિવસે અભયમની ટીમ તેને સમજાવવા પહોંચી ગઈ હતી. જેને દારૂની લતથી પરિવાર તૂટી જશે સહિતની વાસ્તવિકતાથી વાકેફ કર્યો હતો. ત્યારે પતિએ પોતાની ભૂલ સમજાઈ હતી અને તેણે ફરી દારૂ નહીં પીવાની બાંહેધરી આપી હતી.

### રેરાને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે હવે કમિટી દ્વારા જંત્રીને ધ્યાનમાં રાખીને ભાવ નિયત કરવામાં આવશે. રેરા ઓથોરિટીની માંગણીને ધ્યાનમાં રાખીને સરગાસણ કે કુડાસણ વિસ્તારમાં જમીન ફાળવવામાં આવશે. બે દિવસ અગાઉ જ મળેલી શહેરી વિકાસ સત્તા મંડળની બોર્ડ બેઠકમાં પણ રેરાની આ જમીન સંદર્ભેની દરખાસ્તનો મુદ્દો ધ્યાને લેવાયો હતો. ગુડાના અધિકારીઓ તરફથી મળતી માહીતી મુજબ રેરા ઓથોરિટી દ્વારા કોઈ ચોક્કસ ક્ષેત્રફળ કે પ્લોટની માંગણી કરવામાં આવી નથી.

આ માટે ટી પી સ્કીમ નં ૭, ૮ અને ૯ માં પ્લોટ જોવામાં આવ્યા છે. ગુડા પાસે આ ઠેકાણે ૩ હજાર ચોરસમીટરથી લઈને ૮ હજાર ચોરસમીટર સુધીના પ્લોટ ઉપલબ્ધ છે.

ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીના મુખ્ય કાર્યાલય માટેની અલાયદી કચેરી માટે અલગ ભવનની લાંબા સમયથી અનિવાર્યતા છે. જેને અનુલક્ષીને ગુડા દ્વારા આ કચેરી માટે જમીન ફાળવવામાં આવશે. આગામી દિવસોમાં લેન્ડ ડિસ્પોઝેબલ કમિટી દ્વારા પ્લોટના ભાવ નિયત કરવામાં આવે ત્યારબાદ રેરા દ્વારા પસંદ કરવામાં આવેલા પ્લોટની ફાળવણી કરવા માટે પણ ગુડા કક્ષાએથી યોગ્ય ગતિવિધિ હાથ ધરાશે.

### 3 વર્ષની કેદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમિયાન ઉત્તર ગુજરાત વિજ કંપની ખાતે નોકરી કરતા ડેપ્યુટી એન્જિનિયર ચૌધરી રૂ ૫ હજારની લાંચ લેતા રંગેહાથ પકડાઈ ગયા હતા. આ મામલે એ સી બી પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયો હતો. આ કેસ ગાંધીનગરની એડિશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા ટ્રેપીંગ ઓફિસર સહીત ૧૨ સાહેદોને તપાસવામા આવ્યા હતા.

આ કેસમાં સરકારી વકીલ પ્રિતેશ ડી વ્યાસે કોર્ટ સમક્ષ દલીલમાં જણાંવ્યુ હતુ કે નિર્દોષ ખેડુતો પાસે પૈસાની માંગણી કરવામાં આવી છે. સમાજમાં દિનપ્રતિદિન આવા ગુન્હા વધતા જાય છે. ત્યારે લાંચની પ્રવૃતિને ડામવા માટે સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા પણ કોર્ટ સમક્ષ દલીલો કરી હતી.

જયારે આ કેસ સાબિત થતા એડીશ્નલ એન્ડ ડીસ્ટ્રીકટ જજ એસ એન સોલંકીએ ડેપ્યુટી એન્જિનિયર બાબુભાઈ માનસીંગ ચૌધરીને ત્રણ વર્ષની કેદની સજા તેમજ રૂ ૩ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

### સ્વાગત કરાયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બપોરે ૧ :૩૦ કલાકે કેપિટલ સ્ટેશન પર શતાબ્દિ એકસપ્રેસ આવી પહોંતા ગાંધીનગર મહાનગર ભાજપના હોદેદારોએ ટ્રેઈનનું સ્વાગત કર્યુ હતુ. મુંબઈ સેન્ટ્રલ થી અમદાવાદ દોડતી શતાબ્દિ એક્સપ્રેસને ગાંધીનગર સ્ટેશન સુધી લંબાવી દેવામાં આવી છે. મુંબઈ સેન્ટ્રલ અમદાવાદ શતાબ્દિ એક્સપ્રેસને આજે સવારે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ, કેન્દ્રીય રેલ રાજય મંત્રી દર્શનાબેન જરદોશે સુરત ખાતેથી લીલી ઝંડી બતાવી ટ્રેઈનનુ ગાંધીનગર તરફ પ્રસ્થાન કરાવ્યુ હતુ. જયારે આ ટ્રેઈન બપોરે ગાંધીનગર કેપિટલ સ્ટેશન આવી પહોંચતા ગાંધીનગર મહાનગર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટ મેયર હીતેશ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંગ ગોલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, મહામંત્રી ગોરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહીતના હોદેદારોએ ટ્રેઈનનુ સ્વાગત કર્યુ હતુ. આ તબક્કે રેલવે વિભાગના ડિવીઝનલ રેલવે મેનેજર તરૂણ જૈન અને રેલવેના અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. શતાબ્દી એકસપ્રસ શરૂ થતા મુંબઈ જવા માટે હવે રેલ યાત્રિકોને કેપિટલ સ્ટેશન પરથી ઝડપી દોડતી ટ્રેઈન સેવા ઉપલબ્ધ થશે.

### શતાબ્દી બપોરે ૧ :૪૦ કેપિટલ સ્ટેશન પર આવશે અને ૨: ૨૦ કલાકે ઉપડી જશે

શતાબ્દી એકસપ્રેસ ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર બપોરે ૧ : ૪૦ કલાકે આવશે જયારે બપોરે ૨ :૨૦ કલાકે મુંબઈ જવા ઉપડી જશે. ગાંધીનગર સ્ટેશન પર આ ટ્રેઈન ૪૦ મિનિટ રોકાશે શતાબ્દી એક્સપ્રેસ આજે પણ બપોરે આ જ સમયે સ્ટેશન પર આવી હતી જયાં ટ્રેઈનનુ સ્વાગત કરાયુ હતુ. ગાંધીનગર વાસીઓને હવે મુંબઈ જવા માટે ગરીબ રથની સાથે શતાબ્દીની ટ્રેઈન સેવા પણ મળી રહેશે.

### ૧.૫૧ લાખ કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધારે છે અને આ સંક્રમક પણ વધારે છે. મંત્રાલય અનુસાર ૭ ડિસેમ્બર ૨૦૨૧એ ડબલ્યુએચઓએ કહ્યુ, ડેલ્ટાની રફતારથી ઓમિક્રોનની રફતાર વધારે છે. આ ચિંતાની વાત છે. તેથી આપણે સાવધાન રહેવાની જરૂર છે. કોરોના ગાઈડલાઈનને કડકાઈથી અપનાવી જોઈએ. યુકેની સ્ટડી અનુસાર ઓમિક્રોન ઘરની અંદર અને સંપર્કમાં આવવાથી વધારે ઝડપથી ફેલાઈ રહ્યો છે પરંતુ રાહતની વાત એ છે કે કોરોનાની પાછલો ટ્રીટમેન્ટ પ્રોટોકોલ આમાં પણ ઉપયોગી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યુ કે દુનિયામાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. ૨૩ ડિસેમ્બરે દુનિયાભરમાં ૯.૫૪ લાખ કેસ આવ્યા.